# એલેમ્બિક લિમિટેડ

Alembic Touching Lives over 100 years
CIN : L26100GJ1907PLC000033
રજીસ્ટર્ડ ઑફિસઃ એલેમ્બિક રોડ, વડોદરા-૩૯૦ 003
ફોન : +૯૧ ૨૬૫ ૬૬૩૭૩૦૦
ઈ–મેલ : alembic.investor@alembic.co.in
વેબસાઈટ : www.alembiclimited.com

## સભ્યોને પોસ્ટલ બેલેટ અને ઈ-વૉટિંગ સુવિધા આપવા બાબતની નોટિસ

સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ અને ૧૧૦ ની સાથે વંચાતા કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪, ના નિયમ ૨૦ અને ૨૨ ની જોગવાઈઓ અન્વયે, કોર્પોરેટ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલ તારીખ ૮મી એપ્રિલ, ૨૦૨૦ ના સામાન્ય પરિપત્ર નંબર ૧૪/૨૦૨૦, તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૨૦ ના સામાન્ય પરિપત્ર નંબર ૧૭/૨૦૨૦, તારીખ ૨૫મી સપ્ટેમ્બર ૨૦૨૩ ના સામાન્ય પરિપત્ર નંબર ૦૯/૨૦૨૩ અને અન્ય સંબંધિત પરિપત્રો (ત્યારબાદ સામૂહિક રીતે "એમસીએ પરિપત્રો"), સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્કલોઝર રીક્વાયરમેન્ટસ), રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમન ૪૪, જનરલ મીટિંગ્સ માટેના સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ ("SS-2") અને અન્ય લાગુ કાયદા, નિયમો અને વિનિયમો (કોઈપણ વૈધાનિક ફેરફાર, સંશોધન અથવા તેના પુનઃ અધિનિયમ સહિત), કંપનીએ નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ ("NSDL") મારફતે તારીખ ૧૩મી મે, ૨૦૨૪ ની પોસ્ટલ બેલેટ નોટિસ ("નોટિસ") ઈ-મેલ દ્વારા શુક્રવાર, ૨૪મી મે, ૨૦૨૪ ના રોજ સભ્યોને, ઉપરોક્ત નોટિસમાં ઉલ્લેખિત ઠરાવોના સંદર્ભમાં તેમની મંજૂરી માટે મોકલેલ છે.

એમસીએ પરિપત્રોનું પાલન કરતા, આ નોટિસ ફક્ત ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા તે સભ્યોને મોકલવામાં આવેલ છે, જેમના નામ ડિપોઝિટરીઝમાંથી મેળવેલ રજીસ્ટર ઓફ મેમ્બર્સ/ લાભાર્થી માલિકોની સૂચિ માં મંગળવાર, ૨૧મી મે, ૨૦૨૪ ("કટ-ઓફ તારીખ") ના રોજ દર્શાવેલ છે, અને જેમના ઈ-મેલ એડ્રેસ કંપની/ ડિપોઝિટરીઝમાં નોંધાયેલા છે. સભ્યોના મતાધિકાર કટ-ઓફ તારીખના રોજ કંપનીની પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીમાં રાખવામાં આવેલ તેમના ઈક્વિટી શેરના પ્રમાણમાં રહેશે. કટ-ઓફ તારીખ પછી સભ્ય બનેલા વ્યક્તિએ આ નોટિસને ફક્ત માહિતી માટે માનવી જોઈએ.

વધુમાં, એમસીએ પરિપત્રોનું પાલન કરતાં, કંપનીએ સભ્યો માટે તેમના ઈ-મેલ એડ્રેસની નોંધણી કરાવવા માટે જરૂરી વ્યવસ્થા કરી છે. જે સભ્યોએ તેમના ઈ-મેલ એડ્રેસ રજીસ્ટર કર્યા નથી તેઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ (i) જો શેર ડીમેટ મોડમાં ધરાવતા હોય, તો ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ ("DP") પાસે નોંધણી કરાવે, જ્યાં તેમના ડીમેટ એકાઉન્ટ્સ છે, અને (ii) જો શેર ફીઝીકલ મોડમાં ધરાવતા હોય તો https://linkintime.co.in/E-mailReg/Email_Register.html ઉપર ક્લિક કરીને નોંધણી કરાવે.

સદર નોટીસ કંપનીની વેબસાઈટ www.alembiclimited.com ઉપર, સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ બીએસઈ લિમિટેડ www.bseindia.com ઉપર અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઑફ ઈન્ડિયા લિમિટેડની વેબસાઈટ www.nseindia.com ઉપર અને NSDL ની વેબસાઈટ www.evoting.nsdl.com ઉપર પણ ઉપલબ્ધ છે.

સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમની સંમતિ અથવા અસંમતિ માત્ર ઈ-વૉટિંગ દ્વારા આપે. સભ્યોને ઈ-વૉટિંગની સુવિધા પૂરી પાડવા માટે કંપનીએ NSDL ને રોકેલ છે, જેથી તેઓ ઈલેક્ટ્રોનિકલી પોતાનો મત આપી શકે. ઈ-વૉટિંગ સંબંધિત મહત્વની વિગતો અહીં નીચે આપવામાં આવી છે:

| | |
|---|---|
| ઈ-વૉટિંગનો સમયગાળો શરૂ થશે | સોમવાર, ૨૭મી મે, ૨૦૨૪ ના રોજ સવારે ૯:૦૦ કલાકે IST |
| ઈ-વૉટિંગનો સમયગાળો સમાપ્ત થશે | મંગળવાર, ૨૫મી જૂન, ૨૦૨૪ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે IST, ત્યારબાદ NSDL દ્વારા ઈ-વૉટિંગ મોડ્યુલને બંધ કરવામાં આવશે. |

એક વખત ઠરાવ પર મત આપ્યા બાદ, શેરધારકોને તેને બદલવા અથવા ફરીથી મત આપવા દેવામાં આવશે નહીં.

ઈ-વૉટિંગ માટેની સૂચનાઓ નોટિસમાં આપવામાં આવી છે. ઉપરોક્ત નોટિસમાં એવા સભ્યો માટે લોગિન ક્રેડેન્શિયલ સંબંધિત સૂચનાઓ પણ શામેલ છે, જે ફીઝીકલ મોડમાં અથવા ડીમેટ મોડમાં શેર ધરાવે છે અને જેમણે કંપની અથવા તેમના DP સાથે તેમના ઈ-મેલ એડ્રેસની નોંધણી કરાવી નથી.

ઈ-વૉટિંગ સાથે સંકળાયેલા કોઈપણ પ્રશ્નો/ ફરિયાદો હોય; તો તમે NSDL ની વેબસાઈટ www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગમાં ઉપલબ્ધ શેરધારકો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs), અને શેરધારકો માટે ઈ-વૉટિંગ યુઝર મેન્યુઅલનો સંદર્ભ લઈ શકો છો અથવા ટોલ ફ્રી નંબરઃ ૦૨૨-૪૮૮૬ ૭૦૦૦ ઉપર કૉલ કરી શકો છો અથવા કુમારી પલ્લવી મ્હાત્રે, સિનીયર મેનેજર, NSDL ને evoting@nsdl.com ઉપર વિનંતી મોકલી શકો છો.

**એલેમ્બિક લિમિટેડ વતી,**
સહી/-
**કેવલ ઠક્કર**
**કંપની સેક્રેટરી**

**સ્થળ** : વડોદરા
**તારીખ** : ૨૪મી મે, ૨૦૨૪

આ નોટીસ કંપનીની વેબસાઈટ www.alembiclimited.com ના ઈન્વેસ્ટર સેક્શન અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com ના કોર્પોરેટ એનાઉન્સમેન્ટ સેક્શનમાં પણ ઉપલબ્ધ રહેશે.